સત્યમેવ જયતે

દાખલ તારીખ :– ૦૫ – ૦૯ – ૨૦૨૩
નોંધણી તારીખ :– ૦૫ – ૦૯ – ૨૦૨૩
ફેંસલ તારીખ :– ૧૪ – ૦૩ – ૨૦૨૬
સમય ગાળો :– વર્ષ – માસ – દિવસ
૦૨ – ૦૬ – ૦૧૦

---

**મેં. ગાંધીધામનાં કર્મચારી વળતર ધારા હેઠળનાં કમિશ્નશ્રી (ઝેડ.જી.મોદન)**
**લેબર કોર્ટ (જે.ડી.), ગાંધીધામ, જી.કચ્છ.**

---

**રેફરન્સ (ટી) કેસ નં.૨૬/૨૦૨૩**
**આંકઃ–**

રાજેન્દ્ર મોહનલાલ સોલંકી,
સરનામુંઃ– સર્વે નં.૧૭૩, પ્લોટ નં.૫૧,
આરાધના નગર, પ્રભાત સ્કુલ પાસે, મેઘપર બોરીચી,
અંજાર – કચ્છ. **અરજદાર**

**વિરૂધ્ધ**

આઈ.ટી.એમ.સેફટી પ્રાઈવેટ લીમીટેડ,
સરનામુંઃ– શેડ નં.૩૭૮, એ–૧, સેક્ટર–૪,
કંડલા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન,
તા.ગાંધીધામ, જિલ્લોઃ કચ્છ. **સામાવાળા**

**બાબત :– ઔધોગીક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય થવા બાબત.**

---

**અરજદાર તરફે :– વિ. વ. શ્રી ડી. એચ. મહેશ્વરી.**
**સામાવાળા તરફે :– વિ. વ. શ્રી કે. આર. જોશી.**

---

## –:: ઠ રા વ ::–

**(૧)** હાલનાં કામે સદર કામે અરજદારને તેમના પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમા પુનઃસ્થાપીત કરવા જોઈએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય સારૂં સદરહું રેફરન્સ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, ગાંધીધામનાંઓના તા.૨૧/૦૮/૨૦૨૩ નાં હુકમ ક્રમાંકઃ કે.એચ./એસ./એચ.એમ.સી./કે.યુ.ટી./૧૯/૨૦૨૩, તા.૦૧/૦૯/૨૦૨૩ નાં પત્રથી અત્રેની અદાલતને મોકલવામાં આવેલ છે.

" રાજેન્દ્રકુમાર સોલંકીને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

**(૨)** સદર રેફરન્સ કેસ દાખલ થતાં આંક–૨ થી હાલનાં અરજદારને માંગણા નિવેદન રજુ કરવા નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસની બજવણી અરજદારને થઈ જતાં અરજદાર તરફે વિ.વ.શ્રી ડી.એચ.મહેશ્વરી દ્વારા આંક–૦૪ થી માંગણાનું નિવેદન રજુ રાખેલ છે જેની ટુંકમાં હકીક્ત એવી છે કે, અમો અરજદાર સામાવાળા સંસ્થામાં તા.૦૨/૦૫/૨૦૧૪ થી ડ્રાઈવર તરીકે કાયમી જગ્યા ઉપર સળંગ નોકરીમાં હતા જે સબબ સામાવાળાએ અરજદારને લેખિત નિમણુક પત્ર આપેલ હતો. સામાવાળા સંસ્થામાં ૨૫૦ થી ૩૦૦ જેટલા કામદારો કામ કરતા હતા. અમો અરજદારને અમારી નોકરી દરમ્યાન નોટીસ, ચેતવણી કે મૌખિક ઠપકો સામાવાળા તરફથી મળેલ નથી. સામાવાળા અમો અરજદારને માસિક રૂા.૨૨,૩૯૬/– પગાર ચુકવતા હતા. સામાવાળા સંસ્થાના સાહેબશ્રી દ્વારા તા.૨૩/૦૫/૨૦૨૩ ના રોજ મૌખિક હુકમથી છુટા કરી દીધેલ છે. ત્યારબાદ અનેક વખત અમો અરજદાર સામાવાળા સંસ્થામાં ગયેલ પરંતુ ફરજ પર પુનઃસ્થાપિત કરેલ નથી. આમ સામાવાળા સંસ્થાએ અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોય અને ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ મુજબ મળવાપાત્ર રજાનો બાકી પગાર, બાકી બોનસ, ગ્રેચ્યુટી તથા અન્ય કોઈ જ હક્કો અમો અરજદારને ચુકવેલ નથી. સામાવાળા સંસ્થાએ તેમને લાગુ પડતા ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓ મુજબ અમો અરજદારને છુટા કરતાં પહેલા અરજદારની કેટેગરીને લગતુ સિનીયોરીટી લીસ્ટ પ્રદર્શિત કરેલ નથી અને "લાસ્ટ કમ ફસ્ટ ગો" ના સિધ્ધાંતનું પાલન કરેલ નથી. અમો અરજદાર જે કામ કરતા હતા તે કામ સામાવાળા સંસ્થામાં આજે પણ ચાલુ છે અને નવા કર્મચારીની ભરતી કરવામાં આવેલ ત્યારે અરજદારને કામ પર બોલાવવામાં આવેલ નથી કે ઓફર પણ કરવામાં આવેલ નથી. સામાવાળા સંસ્થા અમો અરજદારને નોકરીમાં રાખે તો અમો જવા માટે તૈયાર છીએ. અમો અરજદારને અન્ય જગ્યાએ નોકરી ન મળતાં બેરોજગાર થઈ ગયેલ છીએ. જેથી અમો અરજદારે શ્રી આસીસ્ટન્ટ લેબર કમિશ્નરશ્રી, ગાંધીધામ સમક્ષ અરજી કરતાં સમાધાનની કાર્યવાહી માટે સામાવાળાને બોલાવવામાં આવેલ પરંતુ તેઓએ સમાધાન કરવાની કોઈ તૈયારી બતાવેલ ન હતી તેથી આ કેસ આપ નામદાર કોર્ટ સમક્ષ રેફરન્સ કરવામાં આવેલ છે. આથી અમો અરજદારને તા.૨૩/૦૫/૨૦૨૩ ના રોજ છુટા કરવાનુ સામાવાળાનું પગલું ગેરકાયદેસર ઠરાવી અરજદારને પડેલા દિવસોના પગાર તથા આનુષાંગિક તમામ લાભો સહિત સળંગ નોકરીમાં સામાવાળા પુનઃસ્થાપિત કરે તેવો હુકમ ફરમાવવા અરજ છે. વધુમાં હાલની અરજીના ખર્ચનાં રૂા.૩૦,૦૦૦/– સામાવાળા પાસેથી અપાવવા વિનંતી કરેલ છે.

(૩) ત્યારબાદ હાલનાં કામે સામાવાળા સંસ્થાને નોટીસ કાઢવામાં આવેલ અને સામાવાળા તરફે આંક–૫ થી વિ.વ.શ્રી કે. આર. જોશીનું વકિલપત્ર રજુ થયેલ છે.

(૪) હાલનાં કામે ચાલુ ન્યાયીક કાર્યવાહી દરમ્યાન આજરોજ નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી તથા સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીની સૂચનાથી આયોજીત કરવામાં આવેલ છે. અરજદાર તરફે આંક–૬ થી સમાધાનથી કેસ પરત ખેંચવાની પુરશીશ આપેલ હોય જેમાં તેઓએ જણાવેલ છે કે, અમો અરજદાર તથા સામાવાળા વચ્ચે ઘરમેળે, કોર્ટ બહાર શાંતિપુર્ણ સમાધાન થઈ ગયેલ છે જે અંગે આ કામના પક્ષકારો વચ્ચે લેખિતમાં સેટલમેન્ટ, રિએપોઈન્મેંટ અને લોન એગ્રીમેન્ટ, તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ થયેલ છે, જે તારીખ ૨૧/૦૧/૨૦૨૬ ના રોજ અનુક્રમ નં.૬૯૦ થી ગાંધીધામના નોટરી (એડવોકેટ) સમક્ષ નોટરાઈઝડ થયેલ છે, જેની ખરી નકલ આ પુરસીસ સાથે રજુ છે. આથી અમો પક્ષકારો વચ્ચે થયેલ લેખિત સમાધાન કરાર અન્વયે અમો અરજદાર હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોઈ આ પુરશીશથી હાલનો કેસ પરત ખેંચવા માંગીએ છીએ. જેથી સદર સમાધાન કરારમાં જણાવેલ શરતો મુજબ સમાધાન કરેલ છે અને સમાધાન મુજબ કેસનો નિકાલ કરવાનું જાહેર કરેલ છે. જે ધ્યાને લઈ હાલનાં કામે આંક–૬ થી રજુ થયેલ સમાધાનથી કેસ પરત ખેંચવાની પુરશીશ તથા તેની સાથે રજુ થયેલ માર્ક ૬/૧ થી સમાધાન કરાર તથા ઉપલબ્ધ રેકર્ડ તથા રજુઆતો ધ્યાને લઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

(૧) આથી હાલનાં કામે સમાધાન પુરશીશને ધ્યાને લઈ, હાલનો રેફરેન્સ સમાધાનના આધારે વિડ્રોથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) સદર રેફરન્સ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવો.

તારીખઃ– ૧૪/૦૩/૨૦૨૬
સ્થળઃ– ગાંધીધામ.

**(ઝેડ. જી. મોદન)**
કમિશ્નરશ્રી, વ. કો.એક્ટ, લેબર કોર્ટ,
(જે.ડી.), ગાંધીધામ, જી.કચ્છ.
**JUDGE CODE : GJ01569**.